**કોડીનારના એડી. ચીફ. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.કોડીનાર,જી. ગીર સોમનાથ.**

**કબુલાત પુરસીસ નીચે હુકમ:–**

CC NO.1660-2021

આંક–

ફરિયાદી:– શ્રી સરકાર

**વિરૂઘ્ઘ**

**આરોપીઓ:–** ૧. અમરલાલ બેકર્સ પ્લોટ નં. ૩૫૯/બી. જી.આઈ.ડી.સી. ચીત્રા ભાવનગર (પેઢી), ૨. શ્રી ઇન્દ્દકુમાર કીશનચંદ ઠકકર (ભાગીદાર), ૩.શ્રી મોન્ટી કીશનચંદ ઠકકર (ભાગીદાર).

આ કામના આરોપીની રજુઆત ઘ્યાને લીધી. તેઓ આજરોજ કોર્ટમાં હાજર રહી ગુન્હો કબુલ કરવા પુરસીસ આપેલ છે અને આરોપી તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના આરોપીએ કહેવાતો ગુન્હો પ્રથમવાર કરેલ છે. ફરિયાદીની ફરિયાદ જોતા A-1 SUPER LICED બ્રેડના પેકેટ પર ઈ–મેઈલ આઈ.ડી. લખેલ ન હતુ જેથી લીગલ મેટ્રોલોજી એકટ ૨૦૦૯ની કલમ–૧૮(૧) નો ભંગ થયેલ હોય જેથી લીગલ મેટ્રોલોજી એકટ ની કલમ–૩૬ મુજબ સજા કરવા અરજ કરેલ છે. ફરિયાદીએ તેની સજામાં રીટેઈલર્સ શ્રી અનીલભાઈ ઈશ્વરદાસ કકકડ એ માંડવાળ અરજી કરતા નિયમોનુસાર રૂપિયા ૫૦૦૦/– તેમની સામે માંડવાળ કરેલુ અને હાલના આરોપીએ ગુન્હો માંડવાળ કરેલ ન હોય આગળની કાર્યવાહી કરવા ફરિયાદ કરેલ.લીગલ મેટ્રોલોજી કલમ–૩૬ ઘ્યાને લેતા જો કોઈ વ્યકિતએ ૩૬(૧) મુજબ કોઈ ગુન્હો કરેલ હોય તો તેના પ્રથમ ગુન્હામાં રૂા.૨૫,૦૦૦/– સુધીના દંડની જોગવાઈ કરવામાં આવેલ છે. આરોપીઓની કબુલાત, ફરિયાદીની ફરિયાદ ફરિયાદીએ અગાઉ અનીલભાઈ ઈશ્વરદાસ કકકડ સાથે રૂા.૫૦૦૦/– માં કરેલ માંડવાળ તેમજ આરોપીએ કરેલ પ્રથમ ગુન્હો ઘ્યાને લેતા કબુલાત પુરસીસ હેઠળ નીચે મુજબ હુકમ ફરમાવુ છુ.

**આખરી હુકમ**

**૧.** આ કામના દરેક આરોપીએ એટલે કે આરોપી નં. ૧. અમરલાલ બેકર્સ પ્લોટ નં. ૩૫૯/બી. જી.આઈ.ડી.સી. ચીત્રા ભાવનગર (પેઢી), નં. ૨. શ્રી ઇન્દ્દકુમાર કીશનચંદ ઠકકર (ભાગીદાર) તેમજ નં. ૩.શ્રી મોન્ટી કીશનચંદ ઠકકર (ભાગીદાર) નાઓને સી.આર.પી.સી.ની કલમ–૨૫૨ હેઠળ લીગલ મેટ્રોલોજી એકટ ૨૦૦૯ની કલમ–૧૮(૧) ના ભંગ બદલ ૧૮(૧) તથા લીગલ મેટ્રોલોજી એકટ કલમ–૩૬(૧) મુજબ દરેક આરોપીને **રૂા.૫૦૦૦/–** નો દંડ ફરમાવવામાં આવે છે.

**૨.** જો આરોપીઓ દંડ ભરવાનો ઈન્કાર કરે કે દંડ ભરવામાં કસુર કરે તો આ કામના આરોપીઓને એક માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૮/૦૭/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ: કોડીનાર

**(એસ.એસ.પઠાણ)**
એડી. ચીફ. જ્યુડી.મેજી., કોડીનાર
જજ કોડ નં. જીજે ૦૧૨૭૩